કળિયુગમાં ચમત્કાર એ . . .

છે અને તેથી લોકો તેના પગ વધારે માનની દ્રષ્ટીથી જુવે એ પણ બનવા જોગ છે. તો પણ કેટલાક મીથ્યાત્વીઓ અને મુતના પરમ દ્વેષીઓ બોલી ઉઠે છે કે કળીયુગમાં તેવો ચમત્કાર થવો એ તદ્દન જુઠું છે ઢોંગ છે એવું એવું કહિ બિચારા ભાવિક ભકતોને ખોટા વ્હેમમાં પાડે છે અને ત્યાં કયાંથી મૂર્તિ આવે એ તો ધુતવાનો પ્રપંચ છે વીગેરે નીંદક શબ્દો કહી નાહક પાપના પોટલા બાંધે છે અને ખોટી ગપ્પ ચલાવે છે. પણ તેવા લોકોની ગપ્પ કુતરાના ભસવાની માફક જ રહે છે. તે લોકોના પુરાવાને આ દાખલો સંજજડ ઉખેડી નાંખનાર હોવાથી તેવા દ્વેષ કરે છે. હશે કરવા દો કારણ કે તે પણ એક કળિયુગનો ચમત્કારજ છે. મુર્તિ નહિ માનનારાઓને માટે આ એક સજજડ દાખલો છે કે જો પુર્વે મુર્તિને માનવામાં નહોતી આવતી તો પછી આ પ્રાચીન મુર્તિ કયાંથી મળી આવી. માટે સાબીત થાય છે કે મુતિને માનવી એ તો પુર્વાપરથી સીદ્ધજ છે કદાચ શંકા ઉઠે કે ત્યાં મુર્તિ કયાંથી આવી હશે માટે કોઈએ તે પાયામાં દાટી પાછી વર્ષે કે બે વર્ષે કાઢી લોકોને ઠગવા ઢોંગ કર્યો છે. તે માનવું

..દ જુલમી બાદ

..રવાથી અને જૈન ધર્મ પર

આફતના વાદળાઓ આવવા લાગ્યા. મિથ્યાત્વીઓનું જોર વધવા લાગ્યું અને સાથે મુસલમાન લોકોની બ્હીક થી મૂર્તિ વિગેરેને ભોંયરામાં પધરાવી દેતા હતા. આ-થી તેમ માનવું જોઇએ કે આ મહાવીર સ્વામીની મૂર્તિનું તેમજ થયું હશે. તો પણ ત્યાં નજર નાંખતા અને જોતાં આ મૂર્તિમાં તો બીજા ઓરજ ચમત્કાર થવા પામ્યા છે. જ્યાંથી પરમાત્મા પ્રગટ થયા ત્યાં જોઇએ છીએ તો જગ્યા ન્હાની અને પ્રતિમા મોટી વળી જે દિવસે પ્રભુજીનું પ્રગટ થવું તેજ દિવસથી તે ગામમાં ચાલતો ઢોરોમાં રોગ તે તદન શાંત થઇ ગયો અને તે ગામમાં જૈન દેરાસર જીર્ણ હતું. તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અને તેનું કામ શ્રાવણ શુદ ૮ ને શનીવારે સંપુર્ણ થયું કે તુરત શ્રાવણ શુદ ૯ ને દિવસે પ્રભુજી એ પધરામણી કરી આ એક અજાયબ ચમત્કાર ! અને જ્યારે રાવળના ઘરમાંથી નીકળ્યા ત્યારે વીશ પચ્ચીશ જણાએ ઉપાડવા માંડયા પણ ઉપડયા નહિ. અને મુર્તિ કેશરના લેપન વાળી હતી. આ ચમત્કારથી ભારત વર્ષ-ની સમગ્ર શ્વેતાંબર મુર્તિપુજક કોમમાં આનંદ આનંદ વર્તાઇ રહ્યો છે સંખ્યાબંધ લોકો દર્શન કરવા આવે છે અને પાનસરમાં તેમજ આસપાસના ગામડાઓમાં તે.

અઢારે વર્ણના લોકો દર્શને આવી યથાશકિત ભેટ મુકે છે. વાહ કેવી નવાઇ. ખરેખર જૈન ધર્મની તો બલીહારીજ છે. હવે જૈન ધર્મ પ્રાચીન છે કે નહિ તે કહેવાની જરૂર નથી કારણ કે આ દાખલાથી સીદ્ધ થઇ શકે છે વળી એટલું પણ આપણે જાણીએ છીએ કે જ્યાં ત્યાંથી જૈનોનીજ (આપણી) મુર્તિ નીકળે છે. બીજી કોઇ પણ મુર્તિ નીકળી હોય તેમ ભાગ્યેજ થયું હશે તેથી પ્રાચીનતાનો સજ્જડ પુરાવો થયો છે અને અન્ય લોકો પણ તેમ માનવા લાગ્યા છે. હવે આ વાત વધારે નહિ વીસ્તારતા પાનસરનું ટુંકમાં વર્ણન લખી માહિતી આપવી જોઇએ.

અમદાવાદથી થોડે દૂર કલ્લોલ કરીને ગામ છે તેના તાબાનુ પાનસર ગામડું છે. તે પ્રાચીન સમયમાં ઘણું મોટું અને પાનાપુર નામે શહેરથી ઓળખાતુ હતુ તે હાલના બારીક સમયને લીધે એક ગામડા તરીકે ઓળખાય છે તેમાં હાલ વસ્તી ૭૦૦ ઘરની છે જૈનોનાં ઘર તો ફકત ત્રણજ છે ને વીશા દેશાવળ વાણીઆના ઘર ચાલીશ છે ગામમાં અઢારે વર્ણની વસ્તી છે તેમાં ઉગમણી દીશાએ રાવળીઆનો વાસ છે તે વાસમાં સંવત ૧૯૬૬ ના શ્રાવણ સુદી આઠમને શનીવારના દિવસે નાયકશંકર દલસુખની સ્ત્રી નામે રેવા મજુરીયા લેવા ગએલ તે વખતે રાવળ જલા તેજાના માટીના ઘરના ઉગમણા બારણાના આગલા ભેડામાં આરસના પથ્થરનો દેખાવ બાઈ રેવાને થયો તે વખતે બાઈ રેવાએ રાવળ જલાની સ્ત્રી બાઇ સંતોકને કહ્યું કે આ પથ્થર સુવાળો અને ચળકતો છે તો ખલ કરવા સારૂ કાઢી આપ ત્યારે બાઇ સંતોકે કહ્યું કે કાલે આવજે તને કાઢી આપીશ

તે વખતે બાઇ રેવા મજુરીયા લઇને ગઇ બીજા દિવસે એટલે શ્રાવણ સુદ ૯ ને રવીવારના દિવસે સવારના સાત વાગ્યાના સુમારે બાઈ રેવા રાવજી જલાને ઘેર આવી બાઇ સંતોકને ઘરમાંથી બોલાવી બન્ને મળી દાતરડાથી કોતરી પથ્થર કાઢવા માંડયો તે જેમ જેમ કોતરતા ગયા તેમ તેમ મુર્તિનો દેખાવ જણાવા લાગ્યો ત્યારે તેમણે વિચાર્યું કે આ તો કોઇ દેવની મુતિ છે એમ જાણી સાચવીને કોતરવા માંડયું તો પ્રતિમાજી બરાબર કેશરના લેપનથી જોવામાં આવ્યા તે વખતે જલાને બોલાવી ત્રણ જણાએ થઇ પ્રતિમાજીને બહાર કાઢી અને એકદમ જલો ગામમાં જઇ ચૌટામાં તથા ઘરોઘર વધામણી આપી કે મારે ઘેર પ્રભુજી પધાર્યા છે તે વખતે ગામના આગેવાન તથા જૈન ભાઇઓ મળી રાવજીઆને ઘેર ગયા તો પ્રતિમાજી બહાર કાઢેલા હતા. તે વખતે સર્વે ભાઇએ ઉચ્ચાર કર્યો કે આતો જૈન પ્રતિમાજી છે તે વખતે દર્શન કરી જૈન ભાઇઓએ કહ્યું કે આ પ્રતિમાજી આપણા જન દેરાસરમાં લઇ જઇએ એવો વિચાર કરી પ્રતિમાજીને વીસ પચ્ચીસ જણ મળીને ઉપાડવા લાગ્યા પણ જરા એહલ્યા કે ચલ્યા નહિ એ એક અજબ ચમત્કાર છે કે જ્યારે ભીંતમાંથી કોતરીને કાઢવામાં આવ્યા ત્યારે ત્રણ જણાએજ ઉપાડીને બહાર કાઢયા હતા અને આ વખતે પચ્ચીશથી પણ નથી ઉપડતા. વાહ પ્રભુ વાહ તારો ચમત્કાર ઓરજ છે પછી જયાંથી પ્રતિમાજી નીકળ્યાં ત્યાં તપાસ કરવા ગયા તો જગ્યા નાની અને પ્રતિમાજી મોટા પલાંઠી જમીન બરાબર છે ને બીજો ભાગ (ઉપરનો લેડાના ચણતરમાં તે ઘર સંવત ૧૯૫૫ ની સાલમાં નવીન કરેલુ છે તો

ઘર કરનાર છોકરો પણ હૈયાત છે આ પ્રતિમા ઘણીજ ચમત્કારી ને આબેહુબ છે પછી ત્યાંથી જૈનોએ માગી રાવળીઆને સમજાવી આપી મુખીની કબુલાત લઈ નકી કરી પ્રભુ પાસે આવીને વિનતિ કરી કે હે પ્રભુ અમારો અહો ભાગ્ય કે આપે અહિં અમને અને ગામને પ્રત્યક્ષ દર્શન દીધાં તેથી અમારા ગામની તમામ પ્રજાના સંકટો દુર થયા વળી રાવળને પણ ખુશી કર્યા તે હવે અમારા પાંચ જણથી આપ ઉપડશો તેવું કહી પાંચે જણાએ પ્રભુને ઉપાડવા માંડયા કે તુરત ઉપડયા અને પાલખીમાં પધરાવી ઠાઠ માઠથી વાજતે ગાજતે ઘણા હર્ષ પુર્વક દેરાસરમાં પધરાવ્યા અને તે વખતે ભગવાનને પખાલ કરવા. દુધ વિગેરે ગામના લોકો પાસે મંગાવી અભીષેક કરી નીરમળ જળથી નવરાવ્યા અને પ્રથમ પુજાનું ઘી બોલાવા લાગ્યું છેવટે ત્યાં હાજર રહેલા ભાવિક શ્રાવકોએ યથાશક્તિ ઘી બોલી પુજા વીગેરે કરી અને પછી દુરબીન વીગેરેથી જોતાં માલુમ પડયું કે આ મુર્તિ સંપત્તિ રાજાની ભરાવેલી છે અને સીંહનું લાંચ્છન હોવાથી મહાવીર સ્વામીની મુરતી છે તે વખતેજ મહાવીર સ્વામીનો જય જયકાર શબ્દ બોલાઈ રહ્યો ધન્ય છે શાસન પતિ શ્રી મહાવીર સ્વામી એમ અનેક શબ્દોથી સ્તુતિ થવા લાગી અને પવનની પેઠે સમગ્ર જૈન કોમમાં તે વાત પ્રચલીત થઇ ગઇ આજે હજારો લોકો દર્શન કરવા આવે છે. અને હજુ પણ આવશે. અને છેવટે આશા છે કે આ સ્થળ પણ ભોયણીની માફક પ્રખ્યાત થઇ જશે. અને છેવટે સમગ્ર જૈન ભાઈઓને આમંત્રણ કરવામાં આવે છે કે શાસન પતિ શ્રી વીર ભગવાનની આબેહુબ

કલ્પવૃક્ષ સમાન ચમત્કારી મુર્તિના દર્શનનો લાભ લેવા ભૂલશો નહિ એવી આ સેવકની પ્રાર્થના છે.

## આમંત્રણ પત્રિકા.

કંકુ છાંટી લખું રે કંકોતરી, કોડે કહાવું હું જૈન સમાજ.
વ્હેલા સહુ પધારજો.
શાસન પતિ જીનેશ્વર પ્રગટીયા, ધન્ય ધન્ય મહાવીરજીન
આજ. વ્હેલા.
પાનસર આનંદે આજ ગાજી રહ્યું, કરે વીર તણો
ઉચ્ચાર. વ્હેલા.
શ્રાવણ શુદ નવમી દિવસે, પ્રભુ પધાર્યા રવીવાર. વ્હેલા.
આવો દર્શન ... ભાવથી, થાશે પાપ તમારાં દૂર વ્હેલા.
દર્શન કરતાં હર્ષ બહુ થાય છે, મુખ લાગે અતિ મધુર વ્હાલા.
જાણે પ્રતક્ષ પ્રભુજી પધારિયા, કરવા ધર્મનો વિજય
અપાર. વ્હેલા.

ઘર ત્રણ અ... જૈન ભાઈના, રાખે ઘણી પોતે સારવાર વ્હેલા.
જલા તેજા ... તણા ઘેરથી, પ્રભુ પ્રગટયા કરી
ચમત્કાર. વ્હેલા.
આસપાસથી લોક આવે બહુ, જોવા મહાવીર મુખ
આકાર. વ્હેલા.
રોજ આંગી અનોપમ થાય છે, ઠાઠ પુજાનો છે અપાર. વ્હેલા.
જાત્રા થાશે અતિઉમંગથી, થશે સંઘમાં સહુ સુખકાર. વ્હેલા.
પાનસર જાણે આજે પલટાઇ ગયું, થયું અસલનું તે
શહેર. વ્હેલા.

સંઘ આવે છે દેશ વિદેશના, થાય પુજાંઓ આનંદલેર વ્હેલા.
ભાવે ભેટશો વીરનેજો તમો, તોતો થાશો સફળ અવતાર વ્હેલા.
[illegible] જૈન ... બોલો વીરનો જયજયકાર વ્હેલા.

૨

ત્રીસલા નંદન વંદન કરવા, ચાલો ચતુરા એપેરે.
સુંદરજીન મંદિરની અંદર મુર્તિ મનોહર ઓપેરે. ત્રીસલા. ૧
કળીકાળે પ્રભુ પ્રગટયા પોતે, પાનસરપુરની માંહિરે.
દર્શન કરવા સહુ નરનારી, આવે ઉમંગ ધરીત્યાંહિરે ત્રીસલા ૨
શ્રાવણ શુદ શુભ નવમી દીને, કીધો ચમત્કાર ભારીરે
આનંદ આનંદ અતિ છવાયો, થયો જયજયકારીરે ત્રીસલા. ૩
શાસનપતિ મહાવીર જીણંદા, નાંખો કુમતિ કાપીરે
વ્હેમીજનોના વ્હેમ ઉખેડી, તિરથ મહિમા સ્થાપીરે ત્રીસલા. ૪
સંઘ સકળમાં શાંતિ અરપો, શ્રીજીન શાસન દેવારે.
ચત્રભુજ પ્રભુ અરજ કરેછે. અખંડ સુખડા લેવારે ત્રીસલા. ૫

## સ્તવન ૩ જું.

( હરમાં તુ દલનાથ છોકરાએરાગ. )

પાનસર મહાવીરનાથ પધાર્યા પાનસર મહાવીરનાથ.
થઇ પ્રભુજી પોતે દયાળુ
ત્રીસલા માતાના છો જાયા
શ્રાવણ શુદ નવમીએ પ્રગટયા.
અતિ આનંદ ધરી દીલ આયા
કેશર વરણી દીપે છે કાયા
ધન્ય ધન્ય મહાવીરજીનરાયા
મળી સંઘ સકળગુણુગાયા
( પ્રભુજી તમે અખંડ સુખ પામ્યા અને સેવકને શું વિસારશો કે; )
લીયો ચત્રભુજ સંગાથ-( ૨ )-પાનસર

## સ્તવન ૪ થુ.

સિધારથ નારે નંદન વીનવું એ રાગ.

મહાવીર જીનવર તમને વિનવું.
વીનતડી અવિધાર. મહાવીર ૧
ભમી ભમી આવ્યો હું શરણે તાહરે
હવે મુજ પારઉતાર. મહાવીર ૨
મોહ માયાદિક મુજને બહુ નડે
આપે દુઃખ અપાર. મહાવીર ૩
લોભને રાગ જે શત્રુ માહરા
લૂંટે મુજને આવાર. મહાવીર ૪
આડા અવળારે ડુંગર બહુ નડે
પારનપામેરે ધીર. મહાવીર ૫
ભમતા ભમતાંરે તું મુજને મળ્યો.
શરણ ગ્રહ્યુ મેં વીર. મહાવીર ૬
પાનસર પુરમાં પ્રગટ થયા પ્રભુ
નવમીને રવીવાર મહાવીર ૭
આશા પુરોરે સંઘ સકળતણી
ચત્રભુજને રે તાર. મહાવીર ૮

## સ્તવન ૫ મું.

( કામ ધરમના સાડા પચવીશ દેશજો એ રાગ )

મહાવીર જીણંદ શું લાગી પુરણ પ્રીતજો.
મારગડો લીધો છે સ્વામી તાહરો રે લોલ ૧
ભજન કરીશ હું ભાવે તાહરૂં રોજ જો
જીતિશ શત્રુલઇ પ્રભુ તુંજ આશરોરે લોલ ૨
કહેવાણા જે મોહમાયાદિક દુષ્ટ જો
તેને હણીશ હું જ્ઞાન તણા હથીઆરથીરે લોલ ૩
ક્રોધ કપટ મુજ દમન કરે અપારજો.
તપ જપ કરી હું જીતીશ તેને આજથીરે લોલ ૪

મહાવીર જીણંદતું મહાવીર જગનો દેવજો
તરણ તારણ દુઃખ નિવારણ માહરોરે લોલ ૫
ચંદન બાળા તારી તે હરી દોષ જો
કીધો તેં આણંદ શ્રાવક તાહરોરે લો. ૬
મુજને લાગી ત્હારી માયા જોર જો
વનવે ચત્રભુજ તુંજ સેવક થઇરે લોલ ૭
તાર્યાં તેં જેમ અગણીત નરનેનાર જો
તેમજ તારજે સેવકને પ્રભુ સુખ દઇરે લોલ ૮

## સ્તવન ૬ ઠું.

રે. સુખકારી મહાવીર જગદાધાર જો.
આજીજી આ સેવકની અવધાર જો
પીડે પંચમ-કાળમુને આવાર જો
કંઇક કરી સેવકને પ્રભુ તાર જો
ભલે આ જીવ જાય બ્રહ્માંડ મહિ
કદી ભકિતનાથ ભુલીશ નહિ
રહી આનંદે તુજ ગુણ ગાઇ
પ્રભુ તું હરનીશ થાજે સ્હાઇ
રે. દીનબંધુ સેવકને સંભાળ જો
ચત્રભુજના દુખ સહુ નિવારજો—રે

## સ્તવન ૭ મું.

ચાલો બંધુઓ ( ૨ ) મહાવીરજીનના
સહુ મળી દર્શન કરીએ
પાનસરપુરી થઈ સુખકારી પ્રભુજી પ્રગટ્યા ત્યાં જઇએ
ભાવ ધરીજો પુજન કરીએ. તો ભવસીંધુથી તરીએ
આધિ વ્યાધિને મન ઉપાધી. ત્યાં જઇને વિસ્મૃતકરીએ
શીવસુંદરી ત્યાં આનંદ કરતી
હોંસ ત્હેને દુઃખડાં હરીએ. ચાલો.

## સ્તવન ૮ મું.

ચાલો સહુ જઇએ રે. સખ સકળ સંગે
મહાવીરજી પ્રગટયારે પાનસરમાં ઉમંગે.

સાખી

સંવત ઓગણીસ અને છાસઠનું સુખકાર
શ્રાવણ શુદ નવમીદિને. થયો જયજયકાર.
પ્રગટયા પોતે પ્રભુજીરે. રાવળઘરની માંહિ
બિંબ મનહરનારૂ રે. દેખ્યું પ્રભુનું ત્યાંહિ. ચાલો

સાખી

શ્રાવક સર્વે તેડિયા મુખીને સરદાર
મુરતી છે એજૈનની નિશ્ચય કર્યો તે વાર
તેથી સહુ ભાઇ રે. થયા આનંદ કારી.
જુવે નજરે નિહાળીરે સિંહ લંછન ધારી.

સાખી.

વીરવીર ત્યાં ઉચર્યા. કર્યો જયજય કાર
સંદેશો સહુ મોકલે. દેશો દેશ આવાર
આવે સંઘ બહુ ત્યાંહિ રે દર્શને નરનારી
ચત્રભુજ ગુણગાવે રે. જીણંદજી જયકારી

વ્હાલા જૈનબંધુઓ.

અમારા તરફથી શ્રીજીનેંદ્ર ગુણ માળા નામની સ્તવનાવળી થોડા વખતમાંજ બહાર પડનાર છે જેની અંદર નવિન રાગના સ્તવનો મુકવામાં આવ્યા છે જે એવાનો આકર્ષણીય છેકે ગાતાં કે તેનેસાંભળતા ભક્તિ. અને વૈરાગ્ય ઉત્પન્ન થયાવિના રહેતાજ નથી. છતાં કીંમત માત્ર બે આના પોષ્ટેજ જુદું

લખો.

જૈન ફ્રેન્ડલી એસોસીએશન

કાળુપુર—અમદાવાદ

# શ્રી ચૈત્યવંદન કરવાની વિધિ.

ઇચ્છા કારેણ સંદીસહ ભગવાન ચૈત્ય વંદન કરૂં, એમ કહીને પછી ચૈત્યવંદન કહેવું.

## ચૈત્ય વદન.

સીધારથ સુત વંદીએ, ત્રીસલાનો જાયો.
ક્ષત્રિ કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો.
મૃગપતિ લંચ્છન પાઉ લે, સાત હાથની કાય.
બહોંતેર વરસનું આવખું, વીર જીનેશ્વર રાય.
ખીમાવિજય જીનરાજનો એ, ઉત્તમ ગુણ અવદાત.
સાત બોલથી વર્ણવ્યો, પદ્મ વિજય વિખ્યાત.

( પછી જકીંચી કહેવું તે નીચે પ્રમાણે )

જંકીંચી નામતિથ્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ જાઈ જિણ બિંબાઇ તાઇ સવ્વાઇ વંદામિ,

## નમુથ્થુણં.

નમુથ્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં, તિથ્થયરાણં, સયંસંબુધ્ધાણં, પુરીસુત્તમાણં, પુરિસસીહાણં, પુરીસવર પુંડરીઆણં, પુરીસવર ગંધહથ્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં, અપ્પડિહયવરનાણં, દંસણ ધરાણં, વિઅટ્ટછઉમાણં, જીણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વનુણંસ, વ્વદરિસીણં, શિવમયલ મુરૂઅમણંત મખ્ખય, મવ્વબાહ મપુણરાવિતિ સીદ્ધિગઇ નામધેયઠાણં સંપતાણં, નમો જીણાણં જે અભયાણં જેઆસિદ્ધા જે ભવિસંતિણા ગએકાલે સંપઇયવટ્ટમાણા સવ્વેતિવિહેણંવંદામિ.

## જાવંતિ.

જાવતિ ચેઇયાએ, ઉઢ્ઢેઅ અહેઅતરિય લોએઅ સંબ્બાઇ તાઇ વંબ્બાઇ તાઇ વંદાઇ ઇહસંતોતથ્થ સંતાઇ. ઇચ્છામિ ખમા સમણો વંદિઉં જાવણીજાએ નીસીહીયાએ મથ્થેણ વંદામિ

## જાવંત કેવિ સાહુ.

જાવંત કેવિ સાહુ ભરહેરવય મહાવિદેહેઅ સવ્વેસીંતેસીપણુઓતિવિહેણ તિદંડ વિરયાણં,

નમોર્હંત સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય.

## મહાવીર જીન સ્તવન.

વીરજીનેશ્વર સાહેબ મેરા, પારન લહુ તેરા, મહેર કરી ટાળો મહારાજજી, જન્મ મરણના ફેરા હો જીનજી અબ હું શરણે આવ્યો ॥ ૧ ॥ ગર્ભાવાસ તણા દુખ મોટા ઉંધે મસ્તકે રહિયે, મળ મુત્ર માંહિ લપટાણો, એવા દુખ મે સહિવા હો જીનજી, અબ, ॥ ૨ ॥ નર્કનીગોદમાં ઉપન્યો ને ચવિયો, સુક્ષમ બાદર થઇઓ, વેચાણો સુઇને અગ્ર ભાગે, માન તિહાં કીહાં રહીઓ હો જીનજી, અબ, ॥ ૩ ॥ નર્ક તણી અતી વેદના ઉલસી, સહી તે જીવે બહુ, પરમાધામીને વશ પડીઓ, તે જાણો તમે સહુ હો જીનજી, અબ; ૪ તિર્યંચ તણા ભવ કીધા ઘણેરા, વિવેક નહિ લગાર, નીશદીનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર હો જીનજી, અબ ૫. દેવ તણી ગતી પુન્યે હું પામ્યો, વિષયા રસમાં ભીનો હો જીનજી, અબ. ૬ મનુષ્ય જંન્મને ધર્મ સમગ્ર પામ્યો હું બહુ પુણ્યે, રાગ દ્વેષ માંહે બહુ બળીયો નાવી મમતા બુધ હો જીનજી, અબ. ૭ એક કંચનને

બીજી કામિની, તે શું મનડું બાંધ્યું, તેના ભોગ લેવાને હું શુરો, કેમ કરી જીન ધર્મ સાધુ હો જીનજી અ૦ ૮ મનની દોડ કીધી અતિ આઝી, હું છું કોઇ જડ જેવો, કળી કળી કલ્પ મેં જન્મ ગુમાવ્યો, પુનરથી પુંનરપી જેવો હો જીનજી ૯ ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, વારી સહણા સ્વામી, હવે વડાઈ જોઇએ તમારી, ખીજમત માંહે છે ખામા હો જીનજી અ૦ ૧૦ ચાર ગતી માંહિ રડવડિઓ તો એન સિધ્ય કાજ રીષભકહે તારો સેવકને બાંહે ગ્રહ્યાની લાજ હો જીનજી અ૦ હું શરણે આવ્યો ૧૧

## જય વીરાય

જય વીરાય જગ ગુરૂ હોઉ ચમતુહપ ભાવ ઓ સર્વંદવીને બેઓ મગ્ગાણુ સારિયા ઈઠ્ઠ ફળ સિદ્ધ લોગ વિરૂદ્ધચ્ચાઓ ગુરૂ જણ પુઆ પરથ્થ કરણુંચ સહુ ગુરૂ જોગોતવ્વયણ સેવણા આભંવ મખંડા વારિજ જઇ જઇ વિનિઆણુ બંધાણુ વિઅરાય તુહ સમએ તહવિમય હુજ સેવા. ભવે ભવે તુમ્હચ્ચલંણાણું દુખ્ખ ખ્ખઓ કમ્મ ખ્ખઓ સમાહિ મરણુંચ બોહિ લાભો અસંત ઉજ મહએઅં તુહનાહ પ્રણામ કરણેહ સર્વ મંગલ માંગલ્યં સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં સર્વ ધર્માણું જૈને જયતિ શાસનં.

## અરિહંત ચેઈઆણં.

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિઆએ બોહિ લાભ વત્તિઆએ નિરૂવસગ્ગ વત્તિઆએ સદ્ધાએ મેહાએ, ધીઈએ ધારણાએ, અણુપ્પેહાએ વદ્ઢમાણિએ ઠામિ કાઉસગ્ગં.

## અનથ ઉસસિએણં.

અનથ ઉસસિએણં, નીસસિએણં ખાસિએણં, છીએણં, જંભાઇએણં ઉડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત તુચ્છાએ, સુહુમેહિંઅંગ સંચાલેહિં સુહુમેહિં ખિહિં સાંચાલેહિં એ વમાઇ એહિં આગારેહિં અભગ્ગો અવિરાહિંઓ, હુજ્જમેકા ઉસગ્ગો, જાવ અરિહંતાણું ભગવંતાણું, નમુકકારેણં, નપારેમિ, તાવકાય્યં ઠાણેણં માણેણં ઝાણેણં અપ્યાણું વોસિરામિ.

એક નવકાર ગણી થાય બોલાવી થાય.

આદિ જાનવર રાયા, જાસ સોવન કાયા.<br>
મારૂ દેવી માયા, ધોરી લંચ્છન પાયા.<br>
જગત સ્થિતિની પાયા, શુદ્ધ ચારિત્ર પાયા.<br>
કેવળ સરી રાયા; મોક્ષ નગરે સીધાવ્યા.

### સમાપ્ત.

# બાદશાહી

# હેરડાઇ.

## સફેદ વાળને કાળા કરવા માટે.

આ ખીજાબ એકજ વખત લગાડવાથી મહીનાના મહીના સુધી કાળા કુદરતી વાળ જેવાજ રહે છે. બીજા ખીજાબોની માફક આ ખીઝાબથી લાલ ભૂરા યા તો સખત વાળ નહી થતાં ચમકદાર થાય છે.

**કીમત બાટલી એકના ચાર આના.**

**સોલ એજંટ:—**

**છોટાલાલ છગનલાલ મહાજન**

**એન્ડ કું.**

નવી મારકીટ સામે—કાલબાદેવી મુંબઇ.

બ્રાંચ ઑફીસ નં૦ ૧૭૭ હેરીસન રોડ—કલકત્તા.

# આપણી આ કદરદાની જુઓ !

વર્ષોથી પોષાતી આવતી ઘરની ગાય કે ભેંસ છેક ઘરડી થઇ અને દુધ દેતી હમેશને માટે બંધ થઇ તેનાથી હવે સ્વાર્થ સરવા જેવું રહ્યું નથી તેને પાધરી પધરાવીદ્યો પાંજરા પોળમાં ! ગાયને વાછડો આવ્યો અગર ભેંસે પાડો જણ્યો ને દૂધ નાહક ખાઇ જશે, અને ઘરમાં તેથી ઓછું પડશે; તેને વધારે મુદત ઘેર ગોંધી ન રાખતા મુંગે મોઢે પાંજરાપોળમાં કૃષ્ણાર્પણ કરો ! બળદમાં ખેતી કરવાનું કે ગાડું ખેંચવાનું બળ બીલકુલ નષ્ટ થયું તેને હવે નિરર્થક ઘેર બાંધી રાખી ખોટનો ધંધો તે કોણ કરે ! જેથી તેને તરતજ પાંજરાપોળમાં મોકલી આપો ! પ્રાણ બચાવ-વાની જેને પરવા હશે તે પોતે પાંજરાપોળમાં પહોંચતા કરી દેશે ! આપણે તેમાં શું લેવા કે દેવા ! જેનુ લાગ્યું જે ભોગવે. એવા અનાથ અબોલ, આંધળાં, પાંગળાં, અવદશામાં આવી પડેલા પામર પશુઓ જેઓ આપણી દયા અને દીલશોજી માટે મજબુત હક ધરાવે છે. તેના નિભાવને માટે કાઢેલી જુનાગઢ પાંજરાપોળ લોટરી ભાગ ચોથાની ટિકેટો હાલ વેચાય છે. તે ખરીદ કરીને સૌએ પોતપોતાનો બનતો હિસ્સો અવશ્ય આપવો જોઇએજ. દરેક ટિકેટની કિંમત રૂ. એક છે ટિકેટો ટપાલદ્વારા 'વેલ્યુપેબલ' રીતે પણ મોકલાય છે. કુલ ઇનામની સંખ્યા એક હજાર છે. તેમાં પહેલુ ઇનામ ચાર હજારનુ છે. ટિકેટો વગર વિલંબે ખરીદીને સ્વાર્થની સાથે પર-માર્થ સાધો ભાગ્યદેવી પ્રસન્ન થશે તો એકદમ પૈસાદાર થઇ પડશો ! તમારૂં નસીબ અજમાવો ! આવી તક ખોશો નહિ.

પુરૂષોત્તમ કહાનજી ગાંધી લીંબડી વાળા.

જુનાગઢ ( કાઠીઆવાડ. )

ॐ

# મહાત્મા મહાવીર.

અમારા તરફથી થોડા વખતમાંજ બહાર પડશે જેની અંદર તેમનું જીવન નાવન ઢબથી લખવામાં આવ્યું છે. તે ખાસ વાંચવા લાયક છે. છતાં કીંમત રૂા. ૦-૧-૦ એક આનો પોષ્ટેજ અલગ.

---

## અમારે ત્યાં મળતાં પુસ્તકો.

| | |
|---|---|
| સુંદરી સૌંદર્ય. | ૦-૪-૦ |
| કુસુમ અને કિશોરી. | ૦-૪-૦ |
| શ્રાવિકા સુબોધ ગરબાવળી. | ૦-૧-૦ |
| સંસારનું વિચિત્ર સ્વરૂપ | ૦-૦-૯ |
| શ્રીમંત શેઠાણી, | ૦-૮-૬ |
| રેલ્વેમાં રમખાણ કે પ્રેમમાં ભંગાણ. | ૦-૦-૬ |
| જૈન રત્નમાળા. | ૦-૧-૦ |
| પર્યુષણ પર્વ અને આપણું કર્તવ્ય. | ૦-૦-૬ |

દરેક પુસ્તકનું ટપાલ ખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું.

જૈન ફ્રેન્ડશીપ એસોસીએશન

માણેકપુર—અમદાવાદ.

# અમારે ત્યાં વેચાતા પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | સુંદરી શૌર્ય ભાગ ૧ લો. | ૦—૪—૦ |
| ૨ | કુમુદ અને કિશોરી | [illegible]—૦ |
| ૩ | અવિરત સુબોધ મરણાવળી | ૦—૪—૦ |
| ૪ | જૈન રત્નમાળા | ૦—૧—૦ |
| ૫ | સંસારનું વિચિત્ર સ્વરૂપ | ૦—૦—૯ |
| ૬ | પર્યુષણ પર્વ અને આપણું કર્તવ્ય. | ૦—૦—૬ |
| ૭ | જૈન બાળકોને ગાવાના ગીત | ૦—૦—૬ |
| ૮ | સંગીત લીલાવતી નાટક. | ૦—૪—૦ |
| ૯ | પવિત્ર લીલાવતી નાટક | ૦—૨—૦ |
| ૧૦ | મહાવીર જીનસ્તવનાવળી | ૦—૦—૬ |
| ૧૧ | રેલ્વેમાં રમખાણ | ૦—૦—૩ |
| ૧૨ | અચિંત મોકાણી. | ૦—૦—૬ |

ઉપરનાં બારે પુસ્તકો સાથે ખરીદનારને ઘેર બેઠાં માત્ર એક રૂપિયામાંજ મળશે.

**જૈન ફ્રેન્ડલી એસોસીએશન.**

કાળુપુર—અમદાવાદ.